## જન્મદિને વધામણી



ગુણવંત ડી ગોહેલ
મો. ૭૮૭૮૦ ૨૪૬૫૬



ભાનુપ્રસાદ આર જોષી
મો. ૯૪૨૭૫ ૪૩૯૭૯



કીર્તિભાઈ ઉપાધ્યાય
મો. ૯૨૨૭૪ ૨૦૪૨૮



જેયુર જે રાઠોડ



કર્તવ્ય જિજ્ઞેશ શાહ
મો. ૯૮૯૮૭ ૭૯૦૧૧



પ્રાન્સી પટેલ
મો. ૯૪૨૯૭ ૨૬૮૩૭

# સરકારી વિનયન કૉલેજના વિદ્યાર્થીઓ યુવક મહોત્સવમાં વિજેતા





ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત એચ.કે. કોલેજ, અમદાવાદ ખાતે યોજાયેલ યુવક મહોત્સવમાં-૨૦૧૮માં સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ ક્વિઝ અને માઈમની સ્પર્ધામાં વિજેતા બન્યા છે. ક્વિઝમાં ભૂપતસિંહ ચૌહાણ, નેપાળસિંહ વાઘેલા અને જયદીપસિંહ ગોહિલ તથા માઈમમાં મહેશ પ્રજાપતિ, રોનક મકવાણા, અભિષેક પંડ્યા, હર્ષ ચૌહાણ, મયૂરીકા શ્રીમાળી, અને વિપુલ ભરવાડે ભાગ લીધો હતો. સ્પર્ધાઓની તૈયારીઓ માટે કૉલેજનાં સાંસ્કૃતિક સમિતિનાં કન્વીનર ડો.મમતા બુચ તથા સમિતિના સભ્યોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સૌ વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## એસ. કે. પટેલ સ્કૂલમાં રેઈનબો ડે ઉજવાયો



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલ માં રેઈનબો ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો અવનવાં રેઈનબો પિક્ચર બનાવીને લાવ્યાં હતાં. શિક્ષિકાઓએ બાળકોને રેઈનબો વિષે માહિતગાર કર્યા હતાં. શિક્ષિકાઓએ પણ ચાટ પેપર પર રેઈનબો દોરીને બાળકોને ક્યારે રેઈનબો જોવા મળે છે તેની જાણકારી આપી હતી.

## માઉન્ટ કાર્મેલ શાળા દ્વારા ‘પ્લાસ્ટિકમુક્ત ગાંધીનગર’ અભિયાન



ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં પ્લાસ્ટિકથી થતા નુકશાનને અટકાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનનો હેતુ ‘પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર’ બનાવવાનો તથા પ્લાસ્ટિકનાં રીસાઈકલનો છે. આ અભિયાનમાં ધોરણ ૧ થી ૧૨ના બધા જ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાઈને પ્રદુષણ ફેલાવતી પ્લાસ્ટિકની વસ્તુઓ જેવી કે રેપર, પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટિકનાં રમકડાં, પ્લાસ્ટિકની ચમચીઓ, પ્લેટ્સ વગેરે એકત્ર કરી પ્રદૂષણ થતું અટકાવવા યોગદાન આપ્યું છે. છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા આ અભિયાનમાં આશરે ૨૦૫ કિલો પ્લાસ્ટિક રીસાઈકલ માટે મોકલવામાં આવ્યું છે. આ અભિયાન શાળાનાં આચાર્યા સિસ્ટર જેનીફરના માર્ગદર્શન હેઠળ શિક્ષકોના અથાગ પ્રયત્ન અને વિદ્યાર્થીઓના ઉત્સાહથી સફળતાપૂર્વક ચાલી રહ્યું છે.

## એસ. જી. સ્કૂલનાં શિક્ષકો ઈ-વેસ્ટના વર્કશૉપમાં



તાજેતરમાં અમદાવાદમાં કાર્યરત ડીએવી પબ્લિક શાળામાં યોજાયેલ ઈ-વેસ્ટ કંડકટ બાય કરો સંભવ વર્કશોપમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ .જી .ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલનાં શિક્ષક અદિતિ બેન અને જાસનાબેને હાજરી આપી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિરમાં ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ગણેશજીએ માતા-પિતાની સેવા કરીને જીવન ધન્ય બનાવ્યું તેવી રીતે બાળકોએ પણ માતા-પિતાની સેવા કરવી જોઈએ એવી શીખ તેમને આપવામાં આવી હતી. સંયોજક કિરણબેન અને સુપરવાઈઝર મીનાક્ષીબેનના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ આયોજિત થયો હતો.

# આઈએનઆઈએફડી ગાંધીનગરના બે સ્ટુડન્ટ્સ લંડન ફેશન વીકમાં





ગાંધીનગર, તા. ૨૨

ઈન્ટરનેશનલ ફેશનવીક માં પોતાની ડિઝાઈન્સને શોકેસ કરવું એ દરેક ફેશન ડિઝાઈનર્સ નું સ્વપ્ન હોય છે. ત્યારે ગાંધીનગર ખાતે આવેલી આઈએનઆઈએફડીના બે વિદ્યાર્થીઓ એ ગુજરાતને પ્રથમવાર લંડન ફેશનવીકમાં રિપ્રેઝન્ટ કર્યુ. જેમાં સાજીદ નંસિંદાની અને કેતન બોરાડની પસંદગી કરવામાં આવી હતી. લંડન ખાતેના ઈન્ડિયા હાઉસમાં બંને વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ બંને સ્ટુડન્ટ્સને વેસ્ટર્ન ગાર્મેન્ટ્સમાં ઈન્ડિયન ટચ આઉટફિટમાં રેપ્રેઝન્ટ કર્યુ હતું, જેમાં સાજીદ નંસિંદાની રાજસ્થાની બ્લ્યુ પોટરી થીમ પર પોતાના આઉટફિટ ડિઝાઈન્સ કર્યા તો કેતન બોરાડ મિકેનિકલ પ્રોડક્ટથી વેસ્ટર્ન આઉટફિટ ની ડિઝાઈન્સ બનાવી હતી.

ઈન્ટરનેશનલ વેસ્ટર્ન ટ્રેન્ડ વિષે માહિતી આપતા વિદ્યાર્થીઓ એ જણાવ્યું કે વિદેશમાં સ્પેશિયલ સ્પ્રિંગ કલેક્શન ખરીદતા હોય છે અને તે લોકાને કલરફુલ કપડા પહેરવા વધારે પસંદ પડે છે તેમાં પણ ખાસ કરીને નિયોન કલર પહેરવા ગમે છે. ઈન્ડિયન વેસ્ટર્ન આઉટફિટમાં આપણે પરફેક્ટ ફિટિંગવાળા કપડા પહેરતા હોઈએ છીએ જ્યારે ઈન્ટરનેશનલ વેસ્ટર્ન કલેક્શનમાં તેઓ થોડા લૂસ ફિટિંગ પસંદ કરે છે. ઈન્ડિયન ટ્રેન્ડ પ્રમાણે લોકોને મટીરીયલમાં કોઈ ચોઈસ નથી હોતી પણ ઈન્ટરનેશનલ પ્રમાણે તેઓ સ્કિન માટે હાઈજેનીક પહેરવા પ્રિફર કરે છે. ઈન્ટરનેશનલ કલેક્શનમાં જોર્જેટ, વેલ્વેટ, લીનન, ડેનીમ, પ્યોર સિલ્ક જેવા મટીરીયલ વધારે પસંદ કરવામાં આવે છે અને ગાર્મેન્ટ્સ ડિઝાઈન કરતી વખતે અમે આ બધી વસ્તુઓનું કાળજીપૂર્વક ધ્યાન રાખ્યું હતું.